सत्यमेव जयते

**:: નમુનો–અ ::**

## મે. એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માંગરોળ, જી.સુરત

આંક – ૪૫

### ફેસલ તારીખ : ૧૭/૦૩/૨૦૨૬
### ફોજદારી કેસ નં. ૭૪૭/૨૦૦૨

| ગુનાની વિગત | |
|---|---|
| ફરીયાદીનુ નામ | શ્રી સરકાર |
| ફરીયાદી તરફે | વિ.એ.પી.પી.શ્રી વી.એન. શેખ |
| આરોપીનુ નામ | **૧)ગોમાનભાઇ રણછોડભાઇ પટેલ.** (ચાલુ કામે મરણ ગયેલ હોવાથી તેઓની સામેનો કેસ એબટ કરવામાં આવેલ છે.)<br>**૨)રામપ્રકાશ માતાપ્રસાદ ગુપ્તા.**<br>રહે. ૩૫, રામારોડ, ન્યુ દિલ્હી.<br>**૩) મે. વિષ્ણુ એન્ડ કંપની પ્રા.લિ.**<br>રહે. એજનના. |
| આરોપીના વિ.વ.શ્રી | |

**:: નમુનો–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૧૦/૨૦૦૦ |
| પ્રથમ માહિતી અહેવાલ ની તારીખ | –– |
| આખરી અહેવાલની તારીખ | ૦૩/૦૪/૨૦૦૨ |
| તહોમતનામાની તારીખ | –– |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૭/૧૦/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –––––––– |

**:: આરોપીની વિગત ::**

| અનુ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડયા કે સજા કરી ? | કરવામા આવેલ સજા | સુનવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|



Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mangrol

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **રામપ્રકાશ માતાપ્રસાદ ગુપ્તા.** | ૦૧/૦૩/૨૦૧૬ | ૦૧/૦૩/૨૦૧૬ | ખોરાક ભેળસેળ પ્રતિબંધક ધારો ૧૯૫૪ ની કલમ-૨(૧એ)(એ) અને (બી) મુજબ ભેળસેળ યુકત હોઈ તેમજ નિયમ ૩૨(બી) ની જોગવાઇ ઓનું પાલન થતુ ન હોઈ કલમ-૨(ix)(k) મુજબ મીસ બ્રાન્ડેડ હોઈ કલમ-૭(૧)(૨) નો પ્રાથમીક દ્રષ્ટિએ જ ભંગ હોઈ કલમ-૧૬ મુજબ. | નિર્દોષ ઠરાવી છોડી મુકયા | -- | -- |

## :: નમુનો ક ::
## ફરીયાદી / બચાવપક્ષ / કોર્ટ વીટનેશ

### એ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | ૧૪ | આશિષકુમાર રણવીરસિંહ વલવી. | ફરીયાદી. |

### બી. બચાવપક્ષે સાહેદો, જો કોઈ હોય,

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| નથી | | | |

### સી. કોર્ટ તરફે સાહેદો, જો કોઈ હોય,

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| નથી | | | |

## ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે રજુ થયેલ દસ્તાવેજોની યાદી

### એ. ફરીયાદપક્ષ

| અનુક્રમ | ટે. આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | નોટીફિકેશનની નકલ. |
| ૨ | ૧૬ | ટ્રેનિંગ સર્ટીફીકેટ. |
| ૩ | ૧૭ | યાદિ પત્ર. |
| ૪ | ૧૮ | પત્ર |
| ૫ | ૧૯ | રજીસ્ટર એ.ડી.ની સ્લીપ. |
| ૬ | ૨૦ | ફોર્મ નં. ૮ નોમિનેશન પત્રની ઝેરોક્ષ. |
| ૭ | ૨૧ | પત્ર. |
| ૮ | ૨૨ | ફરીયાદ દાખલ કરવા માટેનો પત્ર. |
| ૯ | ૨૩ | યાદી. |
| ૧૦ | ૨૪ | પત્ર. |

| | | |
|---|---|---|
| ૧૧ | ૨૫ | નોટીશ. |
| ૧૨ | ૨૬ | ૧૩(૨) હેઠળની નોટીશ. |
| ૧૩ | ૨૭ | યાદી પત્ર તથા પોસ્ટની સ્લીપો. |
| ૧૪ | ૨૮, ૨૯ | ફોર્મ-૬ |
| ૧૫ | ૩૦ | નાણા પાવતી. |
| ૧૬ | ૩૧ | |
| ૧૭ | ૩૨ થી ૩૪ | પૃથ્થકરણ અહેવાલ બાબતની યાદી સાથે ફોર્મ-૩. |
| ૧૮ | ૩૫ | પૃથ્થકરણ અહેવાલ. |
| ૧૯ | ૩૬ | લાઇસન્સ. |
| ૨૦ | ૩૭ | પત્રની પહોંચ. |
| ૨૧ | ૩૮ | ફોર્મ-૭. |
| ૨૨ | ૩૯ | એસ.એ. પટેલની સહી વાળુ. |
| ૨૩ | ૪૦ | રસીદ. |
| ૨૪ | ૪૧, ૪૨ | આર.પી.એ.ડી.ની રસીદ. |
| ૨૫ | ૪૩ | ફરીયાદ. |

**બી. બચાવપક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| નથી | | |

**સી. કોર્ટ દ્વારા**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| નથી | | |

**ડી. મટીરીયલ ઓબ્જેક્ટસ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| નથી | | |

## <u>ચુકાદો</u>

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હિકકત એવી છે કે, મદદનીશ, કમિશ્નર, અને લોકલ હેલ્થ ઓથોરીટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, સુરત (વર્તુલ) સુરતની કચેરીના તત્કાલીક ફૂડ ઇન્સ્પેકટર શ્રી એસ.એ. પટેલે, તા. ૧૦-૧૦-૨૦૦૦ ના રોજ સાંજના ૧૬-૩૦ કલાકે માનવ વપરાશ માટેની ખાદ્યચીજોનુ વેચાણ કરતા શ્રી ગોમાનભાઈ રણછોડભાઈ પટેલ મે.લોક-માન્ય સ્ટોર્સ, દુકાન નં.૧૬ સરકારી દવાખાના રોડ, મુ.

કોસંબા, તાલુકો માંગરોળ, જિ.સુરત પાસેથી "વિમલ ગુટખા '' (પેક) નો નમૂનો પૃથ્થકરણ કરાવવા માટે પી.એફ.એ. એકટ ૧૯૫૪ હેઠળ યોગ્ય લેખીત સૂચના આપી આ સાથે સામેલ નમૂનો લેવા કરેલ કાર્યવાહીની નોંધમાં દશાવ્યા મુજબની વિગતથી ઉપરોકત ધારો ત્યા નિયમોનુસાર તમામ વિધિ કરી કોડ નં. ૫/એફડીએ,એસઆરટી/એચકયુ-૧/૨૩/૨૦૦૦ ધ્વારા વેચાણ લીધેલ અને પૃથ્થકરણ કરાવવા માટેની તમામ કાર્યવાહી કાયદાની જોગવાઈ પ્રમાણે કરેલ. પૃથ્થકરણ કરાવવા માટે વેચાણ લીધેલ ' ' વિમલ ગુટખા'' (પેક) નો નમૂના નંબર ૨૩/૨૦૦૦ પબ્લીક એનાલીસ્ટ ભૂજ તરફથી તેઓના રીપોર્ટ નંબર કયુ-૪/૧૧૨/૨૦૦૦, તા. ૭-૧૧-૨૦૦૦ થી સદર નમૂનો ખોરાક ભેળસેળ પ્રતિબંધક ધારામાં નિયત કરેલા ટેસ્ટોમાના ટેસ્ટોમાં નમૂનામાં મેગ્નેશીયમ કાબોનેટનું પ્રમાણ ૬.૩૩ % માલુમ પડેલ અને નિયમોનુસાર સદર ધટકની ગેરહાજરી જરૂરી હોઈ નમૂનાવાળો ખાધ પદાર્થ નિયત ગુણવત્તા ધરાવતો નહીં હોવાનુ જાહેર થયેલ છે. જે ધારાધોરણ મુજબનો ન હોવાથી ભેળસેળવાળો જાહેર કરેલ છે. ત્યારબાદ નામદાર કોર્ટમાં આરોપીઓ સામે કેસ મુકવાની મંજુરી મેળવવા તેઓએ લોકલ હેલ્થ ઓથોરીટી સુરતને તા. ૬-૩-૨૦૦૨ ના રોજ સદર નમૂનાની કામગોરીને લગતા તમામ કાગળો અભ્યાસ અર્થે રજુ કરતા એલ.એચ.એ. સુરતે આરોપીઓ સામે પી.એફ.એ. એકટ ૧૯૫૪ ની કલમ ૨ (૧એ) (એ) અને (બી) મુજબ ભેળસેળયુકત હોઈ તેમજ નિયમ ૩૨ (બી) ની જોગવાઈઓનુ પાલન થતુ ન હોઈ કલમ ૨(ix) (કે) મુજબ મીસ બ્રાન્ડેડ હોઈ કલમ ૭(૧) (૨) ના ભંગ બદલ કલમ ૧૬ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા સબબ નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા તા. ૧૮-૩-૨૦૦૨ ના રોજ લેખીત મંજુરી તેઓને આપેલ, જેથી, સદરહું મંજુરીના આધારે હાલની ફરીયાદ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા ગુના સબબ ચાર્જશીટ કરેલ.

**(૨)** અદાલતમાં ફરિયાદ રજૂ થતાં આરોપીઓને સમન્સ કાઢવામાં આવતાં આરોપી નં.૧ મરણ ગયેલ હોય તેઓને આ કામે એબેટ કરવામાં

આવેલ છે. આરોપી નં.ર ને વખતો વખત સમંસ કવા છતાં તેઓને કોઈ બજવણી થઈ શકેલ ન હોય અને આરોપી નં.૩ પેઢી હોય તેને પણ બજવણી થઈ શકેલ ન હોય, અને હાલનો કેસ ર૦ વર્ષ ઉપરાંત જુનો હોય, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–ર૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે હાલના કામે ઉપરોકત નમૂના નં(ક) માં દર્શાવ્યા મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**(૪)** બાદ ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી એ ફરીયાદ પક્ષ નો પુરાવો પુર્ણ થયેલ હોવાનુ આંક–૪૪ ની પુરશીસ થી જાહેર કરેલ છે. રજુ પુરાવો ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ નકકર પુરાવો જણાય આવેલ ન હોય, હાલનું કામ વિશેષ નિવેદનના સ્ટેજથી આગળ વધારવામાં આવેલ છે.

**(પ)** આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ની મૌખીક દલિલો સાંભળવામા આવેલ છે.

**(૬)** આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, મદદનીશ, કમિશ્નર, અને લોકલ હેલ્થ ઓથોરીટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, સુરત (વર્તુલ) સુરતની કચેરીના તત્કાલીક ફૂડ ઈન્સ્પેકટર શ્રી એસ.એ. પટેલે, તા. ૧૦–૧૦–ર૦૦૦ ના રોજ સાંજના ૧૬–૩૦ કલાકે માનવ વપરાશ માટેની ખાદ્યચીજોનુ વેચાણ કરતા શ્રી ગોમાનભાઈ રણછોડભાઈ પટેલ મે.લોક–માન્ય સ્ટોર્સ, દુકાન નં.૧૬ સરકારી દવાખાના રોડ, મુ. કોસંબા, તાલુકો માંગરોળ, જિ.સુરત પાસેથી "વિમલ ગુટખા '' (પેક) નો નમૂનો પૃથ્થકરણ કરાવવા માટે પી.એફ.એ. એકટ ૧૯પ૪ હેઠળ યોગ્ય લેખીત સૂચના આપી આ સાથે સામેલ નમૂનો લેવા કરેલ કાર્યવાહીની નોંધમાં દશાવ્યા મુજબની વિગતથી ઉપરોકત ધારો તથા નિયમોનુસાર મેળવેલ અને કાયદા મુજબ કાર્યવાહી કરી પુથ્થકરણ કરાવેલ અને ત્યારબાદ તેનું પૃથ્થકરણ થઈ આવતા તેમાં મેગ્નેશીયમ કાર્બોનેટનું પ્રમાણ ન હોવા ની જગ્યાએ હાજરી મળી આવેલ, જેથી સદર પદાર્થ ભેળસેળયુકત જાહેર થયેલ હોય, પી.એફ.એ. એકટ ૧૯પ૪ ની કલમ ર (૧એ) (એ) અને |

| | |
|---|---|
| | (બી) મુજબ ભેળસેળયુકત હોઈ તેમજ નિયમ ૩૨ (બી) ની જોગવાઈઓનુ પાલન થતુ ન હોઈ કલમ ૨(ix) (કે) મુજબ મીસ બ્રાન્ડેડ હોઈ કલમ ૭(૧) (૨) ના ભંગ બદલ કલમ ૧૬ મુજબ, શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૭) ઉપર મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નકારમાં |
| ૨ | આખરી હુકમ મુજબ. |

## :: કારણો ::

(૮) આ કામે ઉપરોકત હકીકતે ફરીયાદીશ્રી પી.એફ.એકટની કલમ–૯ મુજબ નિમાયેલા ફુડ ઈન્સપેકટર હોય ત્યારે તેમને પી.એફ.એકટની કલમ–૧૦(૧) મુજબ જે કાંઈ ફુડના સેમ્પલ લેવાની સતા આપવામાં આવેલ છે તો તેઓએ એ સતાનો પ્રયોગ કરતા પહેલા અને લેવાની પ્રક્રિયામાં સ ેમ્પલ લીધા પછી પી.એફ.એ. રૂલ્સ–૧૯૫૫ નું પુરેપુરૂ પાલન કરવાનુ હોય છે અને જો તેઓ દવારા આદેશાત્મક નિયમોનું પાલન કરવામાં ન આવે તો તેનો લાભ આરોપીને મળે કેમ કે પી.એફ.એ. એકટના ગુના માટે સમગ્ર રીતે જોતા આરોપી દુષિત માનસીકતા ધરાવે છે કે કેમ તે ધી પી.એફ.એ. એકટ ગુના માટે જોવાનુ હોતુ નથી કેમ કે ધી પી.એફ.એ. એકટનો ઉદેશ રાષ્ટ્ર વિરોધી તથા અસામાજીક આચરણને દબાવવાનો છે તેમજ **દિનેશચંદ્ર વિ.સ્ટેટ ઓફ ગુજરાત એ.આઈ.આર.૧૯૮૯ નામદાર સુપ્રિમ કોર્ટ પેઈજ નં.૧ ૦૧૧** માં ઠરાવવામાં આવેલ છે કે ધી પી.એફ.એ. એકટનો આશય તથા ઉદેશ માનવ જીવનને જોખમ હોય તેવી અખાધ્ય તથા નુકશાનદાયક વસ્તુઓને ખાધપદાર્થના વેંચાણમાંથી વિરત કરવાનો છે. આ અધિનિયમ **ભારતીય સંવિધાનની સાતમી અનુસુચીને લીસ્ટ–૩ એન્ટ્રી–૧**

૮ **''એડલટ્રેશન ઓફ ફુડ સ્ટફ્સ એન્ડ અધર ગુડઝ''** વિષયના અંતર્ગત છે સદર અધિનિયમને સમાજમાં મોટા પ્રમાણમાં ખાદ્ય વસ્તુઓ સાથે કરવામાં આવેલ ભેળસેળ અને છેડછાડ માટે ગણવામાં આવેલ છે. આ કાયદાનો આશય સમાજ અને આર્થિક તોફાનને દબાવવાનો છે જે આર્થિક લાભ માટે સમાજની સમરસતાને દુષિત કરે છે ખાદ્ય વસ્તુ સાથે ભેળસેળ અને છેડછાડ વ્યકિતઓના સ્વાસ્થય ઉપર અસર કરે છે જેથી આવા ગુનાઓ સામાજીક અને આર્થિક ગુનાઓની શ્રેણીમાં આવે છે તેમજ **સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ વિ. ખેમી ૧૯૯૮ એફ.એ.જે.૧૭૩ (નામદાર હિમાચલ પ્રદેશ હાઈકોર્ટ)**ના કેસમાં ઠરાવવામાં આવેલ છે કે ધી પી.એફ.એ. એકટની કલમો અને નિયમોનો ઉદેશ સામાજીક હિતની રક્ષા કરવાનો તથા વ્યકિતઓનુ સ્વાસ્થયને સુરક્ષા આપવાનો છે જેથી સમાજને ખાદ્ય વસ્તુઓ સાથે ભેળસેળ અને છેડછાડ કરવાથી બચાવી શકાય તેમ છે પણ સાથેસાથે કોઈ નિર્દોષને સજા ન થાય તેવુ પણ ક્રિમીનલ જયુરીસ્પુન્ડન્ટનો આધારભુત સિધ્ધાંત છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ નીચે આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષને તેમના પુરાવાના આધારે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે.

**<u>ફરીયાદપક્ષનો પુરાવો</u>**

(૯) આ કામે ફરિયાદપક્ષે આંક –૧૪ થી ફરીયાદી આશિષકુમાર રણવીરસિહં વલવીનો પુરાવો રજુ કરેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, "હાલમાં હું ડેસિગ્નેનેટેડ ઓફિસર તરીકે ઔષધ નિયમનની કચેરીમાં ફરજ બજાવુ છુ. અમો આશિશકુમાર રણવીરસિંહ વલવી સમગ્ર ગુજરાત રાજ્ય માટે નોટિફાઈડ ફૂડ ઈન્સ્પેકટર છિયે. અમારી નિમણુક ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગુજરાત રાજ્યમા કરવામાં આવેલ છે. સદર તંત્ર દ્ગારા અમોને આપવામા આવતી ૯૦ દિવસની ટ્રેનિંગ અમોએ લિધેલ છે

તથા નામદાર સરકારશ્રીએ બહાર પાડવામા આવેલુ નોટિફિકેશનની નકલ આ સાથે રજુ કર છુ જેને રજુ દાખલ આંક -૧૫ આપવામા આવે છે તથા આ સાથે ટ્રેનિંગ સર્ટિફિકેટ રજુ કર છુ જેને રજુ દાખલ આંક ૧૬ આપવામા આવે છે. તથા અમોને મદદનિશ કમિશ્નરશ્રી અને લોકલ હેલ્થ ઓથોરિટિ સુરતનાએ યાદી આપેલ તે યાદિપત્ર ક્રમાંક ૮૭૮ તા. ૫/૦૨/૨૦૦૨ જે યાદિપત્ર આ સાથે રજુ કરૂ છુ જેમા મદદનિશ કમિશ્નરશ્રી અને લોકલ હેલ્થ ઓથોરિટિનિ સહિ છે જેને રજુ દાખલ આંક ૧૭ આપવામા આવે છે.તથા અમોએ આ કેસને લગતી વિગતો મંગાવાવા માટે વિષ્ણુ એન્ડ કંપની રામારોડ દિલ્હી ને તારિખે ૨૬/૦૭/૨૦૦૧ પત્ર લખેલ જેમા મારી સહિ છે જેને રજુ દાખલ આંક ૧૮ આપવામા આવે છે. તથા મારી અગાઉના ફૂડ ઇન્સપેક્ટર જે પેઢી સાથે પત્રવ્યવહાર કરેલ તેની રજિસ્ટ્રડ એડી નિ સ્લિપોની ક્ષેરોક્ષ નકલ તા ૬/૦૨/૨૦૦૨ના પત્ર સાથે રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક-૧૯ આપવામા આવે છે. તથા વિષ્ણુ એન્ડ કંપની પેઢીએ તેમનુ ફોર્મ નંબર ૮ નોમિનેશન પત્રની ઝેરોક્ષ આ સાથે રઝુ કરુ છુ જેને રજુ દાખલ આંક ૨૦ આપવામા આવે છે. જેમા નોમિની તરીકે રામપ્રસાદ ગુપ્તાની નિમણુક કરવામા આવી છે જે આ કામના આરોપી નં ૨ છે. અમોએ મદદનિશ કમિશનરશ્રી અને લોકલ હેલથ ઓથોરિટિનાઓને તા ૦૬/૦૩/૨૦૦૨ના રોજ નામદર કોર્ટમા ફરિયાદ દાખલ કરવા માટે મંજુરી માંગત્તો પત્ર લખેલ હતો જે પત્રમા મારી સહિ છે મારિ સહિ હુ ઓળખુ છુ જે પત્ર આજરોજ રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક ૨૧ આપવામા આવે છે. તથા અમોને તા-૧૮/૦૩/૨૦૦૨ના રોજ મકશુ પત્ર ક્રમાંક ૧૪૨૬થી નામદાર કોર્ટમા ફરિયાદ દાખલ કરવા માટે આદેશ આપેલ હતો એ આદેશમા મકશ્રી અને લોકલ ઓથોરિટીનિ સહિ છે જે પત્રને રજુ દખલ આંક ૨૨ આપવામા આવે છે. તથા આ સાથે જે યાદિ અમોને આપવામાં આવેલી નામદાર કોર્ટમા કેસ દાખલ કરવા માટેની જેનો પત્ર ક્રમાંક ૧૪૨૭ તા ૧૮/૦૩/૨૦૦૨ જેમાં મકશ્રી અને લોકલ ઓથોરિટિ સુરતની સહિ છે જે આ સાથે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક ૨૩ આપવામા આવે છે. જેના અનુસંધાને અમોએ તા ૦૩/૦૪/૨૦૦૨ના રોજ નામદાર માંગરોળ કોર્ટમા આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ દાખલ કરેલ હતી. જેની જાણ અમોએ તા-

૦૪/૦૪/૨૦૦૨ના રોજ મદદનિશ કમિશનરશ્રી અને લોકલ હેલથ ઓથોરિટિ સુરતને કરેલ હતી તે પત્રમા મારી સહિ છે જે રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક ૨૪ આપવામા આવે છે.તા-૦૪/૦૪/૨૦૦૨ના રોજ મદદનિશ કમિશનરશ્રી અને લોકલ ઓથોરિટી સુરતનાએ પત્ર ક્રમાંક ૧૬૯૫ થી વિષ્ણુ એન્ડ કંપની પ્રાઇવેટ લિ ૩૫-રામારોડ ન્યુ દિલ્હિ ને ૧૩(૨) હેઠળ ની નોટિસો વિષ્ણુ એન્ડ કંપનીને અને ઉત્પાદક પેઢીના નોમિનિ રામપ્રસાદ માતાપ્રસાદ ગુપ્તાને આરપીએડીથી નોટિસ પાઠવેલી હતી જેમા મદદનિશ કમિશનરશ્રી અને લોકલ હેલ્થ ઓથોરિટિ સુરત તે પત્રમા મારી સહિ કરેલી છે જે રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક-૨૫ આપવામા આવે છે. મદદનિશ કમિશનરર્શ્રી અને લોકલ હેલથ ઓથોરિટીએ નમુનો વેચનરા ગોમાનભાઈ રણછોડાભાઈ પટેલને ૧૩(૨) હેઠળની નોટીસ પાઠવેલ હતી જેમા મદદનિશ કમિશનરર્શ્રી અને લોકલ હેલથ ઓથોરિટીનિ સહિ કરેલી છે જે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક ૨૬ આપવામા આવે છે.તેઓને ઉપરોક્ત તમામને આરપીએડીથી જે નોટીસ પાઠવેલ હતી તેઓનિ સ્લિપ મળી ગયેલ છે અમોને નામદાર કોર્ટમા રજુ કરવા માટે મદદનિશ કમિશનરશ્રી અને લોકલ ઓથોરિટી સુરતનાઓએ તેઓના યાદિ પત્ર ક્રમાંક ૫૮૯૯/૦૨ તા.૧૯/૦૭/૨૦૦૨ યાદિપત્ર તથા પોસ્ટની સ્લીપો રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક -૨૭ અને ૨૮ આપવામા આવે છે. સદર કામે આ નમુનો લેવાનિ સમગ્ર કાર્યવાહિ મારા આગામી ફૂડ ઇન્સપેકટર શ્રી એસ એ પટેલ સુરતનાએ કરેલ હતી. ફોર્મ ૬ રજુ કરુ છુ જેમા એસ એ પુરોહિતનિ સહિ છે તથા નમુનાનુ લેબલ જેમા એસ એ પુરોહિતની સહિ છે જેને રજુ દાખલ આંક ૨૯ અને ૩૦ આપવામાં આવે છે. નમુનો ખરીદ કરેલ હોઈ જેની નાણાપાવતીમા એમની સહિ છે જેને રજુ દખક આંક ૩૧ આપવામા આવે છે. તા-૧૦/૧૦/૨૦૦૦ના રોજ એસ એ પટેલએ બે સાક્ષી રૂબરૂ મેસર્સ લોકમાન્ય સ્ટોર્સ કોસંબા મુકામે કરેલ જેમા તેમની સહિ છે જે હુ ઓળખુ જેને રજુ દાખલ આંક ૩૨ આપવામા આવે છે. તા ૧૫/૧૧/૨૦૦૨ના રોજ મકશ્રી અને એલ.એચ.એ સુરત પ્રુથકરણ અહેવાલ બાબતેની યાદી સાથે ફોર્મ ૩ અને સેમપલની વિગત સમેલ રાખેલ જેમ મકશ્રીની સહી જેને રજુ દાખલ આંક ૩૩ અને ૩૪ અને ૩૫ આપવામા આવે છે. અને આ એનાલીસિસ રિપોર્ટ મુજબ

વિમલ ગુટખા સબસ્ટાન્ડર્ડ ના હોવાનુ જણાવ્યુ. તા -૨૫/૧૦/૨૦૦૦ના રોજ પારસલ દ્વારા નમુનો મળી ગયેલ છે તેની પહોંચ રજુ કરૂ ચૂ જેમા જાહેર પ્રુથકકર તરીકે સહિ છે જે રજુ દાખલ આંક ૩૬ અને આપવામા આવે છે. આરોપી ગોમાનભાઇ રણછોડભાઇ પટેલ કોસંબા ખાતે લોકમાન્ય સ્ટોર્સ ચલાવતા હતા તેના લાઈસનસ મેળવેલા જે કામે રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક ૩૭ આપવામા આવે છે. તા-૧૧/૧૦/૨૦૦૦ના રોજ પબલીક એનાલિસ્ટને એસ એ પટેલએ પોતાની સહિથી ફોરવર્ડિંગ પત્ર લખેલ તેની પહોંચ છે જેમા તેમની સહિ છે જે રજુ દાખલ આંક ૩૮ આપવામા આવે છે. શ્રી એસ એ પટેલનિ સહિ વાળુ ફોર્મ ૭ રજુ દાખલ આંક ૩૯ આપવામા આવે છે. ફોમ ૬ શ્રી એસ એ પટેલનિ સહિ વાળૂ રજુ દાખલ આંક - ૪૦ આપવામા આવે છે. નમુનાના બે ભાગ એલ એચ એ ને માળીને તેની રસિદ જેમા એસ એ પટેલનિ સહિ વાળુ રજુ દાખલ આંક ૪૧ આપવામા આવે છે. પત્ર મળી ગયા તે બદલની આરપીએડી જેને રજુ દાખલ આંક ૪૨ આપવામા આવે છે. બનાવની વિગત અનુસાર આરોપીઓ પાસેથી વિમલ ગુટખાના નમુના લઈ પ્રુથકરણ માટે મોકલી સબસ્ટાન્ડર્ડના જણાતા નામદાર કોર્ટ મા અમે ફરિયાદ કરેલી છે જેમા મારી સહિ છે જે હુ ઓળખુ છુ જેને રજુ દાખલ આંક ૪૩ આપવામાં આવે છે. રેકર્ડ જોતા આરોપી ન ૧ મરણ પામેલ છે અને અન્ય આરોપીઓ વારંવાર સંમન્સ વોરટ કાઢવા છતા મળતા નથિ.

**પુરાવાનુ વિશ્લેષણ**

**(૧૦)** ક્રિમીનલ જયુરીસ્પુડન્સ મુજબ ગુનાની સાબિતીનો બોજો ફરીયાદપક્ષ પર છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવો જોઈએ. કેસના દરેક સાહેદોની પુરાવાની કડી એકબીજા સાથે જોડાવી જોઈએ.

**(૧૧)** આ કામે ઉપરોકત હકીકતે રેકર્ડ ઉપર રજુ થયેલા પુરાવા જોવામાં આવે તો પી.એફ.એ.એકટના **નિયમ–૧૬(બી)**ની જોગવાઈ વં ચાણે લેવામાં આવે તો,

**(બી)** ત્યાબાદ બોટલ, બરણી અથવા બીજુ પાત્ર મજબુત જાડા

કાગળમાં સંપુર્ણરીતે વિટાડી દેવુ અને કાગળના છેડા સફાઈપુર્વક વાળીને ગુંદર અથવા બીજો ચીકણો પદાર્થ લગાવી ચીટકાવી દેવું.

આ કામે આંક–૦૧ ની ફરીયાદ જોવામાં આવે તો તેમાં આ જોગવાઈનું પાલન થયેલ છે કે કેમ તેવી કોઈ હકીકત જણાવેલ નથી કે આવી કોઈ હકીકત તેમની જુબાનીમાં જણાય આવેલ નથી. સબબ હકીકતો ધ્યાને લેતા નિયમ–૧૬(બી) નું પાલન એ આદેશાત્મક છે જેનુ પાલન ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ નથી આ તબકકે આરોપી તરફે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ક્રિમીનલ અપીલ નં.૧૧૦૧/૧૯૮૩ સ્ટેટ ઓફ ગુજરાત વિ. અરજણભાઈ શ્રવણભાઈ તા.૨૬/૧૨/૧૯૯૩ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.પ્રજાપતિ અમૃતલાલ નટવરલાલ ૨૦૦૮(૧) એફ.એ.સી. ૩૬૬** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, નિયમ–૧૬(૨)ની જોગવાઈ એ આદેશાત્મક જોગવાઈ છે જેનુ પાલન હાલના કામે ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થીત થાય છે.

વધુમાં, પી.એફ.એ. એકટના નિયમ–૧૭(એ) ની જોગવાઈ જોવામાં આવે તો, તેમાં સીલ કરવાની જોગવાઈ છે તેમજ (બી) માં સીલ કરી અને સ્થાનીક(આરોગ્ય અધિકારી)ને મોકલવાની જોગવાઈ છે જયારે હાલના કામે ફરીયાદ જોતા રૂલ ૧૭ મુજબની પ્રક્રિયા અનુસરવામાં આવેલ હોય તેમ જણાય આવતું નથી. આમ રૂલ ૧૭ ની ફરજીયાત જોગવાઈઓનું પાલન થયાની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ છે તેમ માની શકાય નહિ. આ તબકકે **નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત થ્રુ ફુડ ઈન્સપેકટર વિ. દિનેશભાઈ પ્રાગજીભાઈ શાહ ૨૦૦૭(૨) એફ.એસ.સી.૧૩૬ તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિ. રામભાઈ કરશનભાઈ માલમ ૨૦૦૭(૨) એફ.એસ.સી. પેઈઝ નં .૩૫ તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિ.બરકતઅલી પ્યારાઅલી હસનઅલી અને બીજાઓ ૨૦૦૭(૧) એફ.એસ.સી. ૪૬૧** માં પ્રસ્થાપિત કરેલ છે કે,

રૂલ્સ ૧૭ ની જોગવાઈઓ એ આદેશાત્મક છે જયારે હાલના કેસમાં ફરીયાદપક્ષ દવારા રૂલ્સ ૧૭ ની જોગવાઈઓનો ભંગ કરેલો છે.

આ કામે જે નમુનો લીધેલો તે કંપની પેક પાઉચ હતા આ પાઉચમાં કોઈએ કાંઈ ઉમેરેલ હોચ કે તેમાં કોઈ છેડછાડ કરેલ હોચ તેવી પણ કોઈ હકીકત જણાવેલ નથી. તથા તે પાઉચ કોઈપણ જગ્યાએથી તુટેલા, લીકેજ કે રીપેર થયેલા હતા તેવી પણ કોઈ હકીકત જણાવેલ નથી ત્યારે આરોપી નં.૧ એ આ ૧.૯ ગ્રામ વિમલ ગુટખાના ઉત્પાદક ન હતા તેઓ ફકત તેના વિક્રેતા હતા. આ તબકકે **ધી પ્રીવેન્સન ઓફ ફુડ એડલટ્રેશન એકટ ૧૯૫૪ ની કલમ–૧૯(૨)** માનસહ વંચાણે લેવામાં આવે તો,

વેચનાર, જો એવુ સાબિત કરે કે–

(૧) ખાદ્ય–ચીજના વેંચાણ માટે લાઈસન્સ ઠરાવવામાં આવ્યુ હોય ત્યારે યોગ્ય રીતે લાઈસન્સ આપેલા બનાવનાર વિતરક અથવા વેપારી પાસેથી,

(૨) બીજા કોઈ દાખલામાં, કોઈ બનાવનાર વિતરક અથવા વેપારી પાસેથી, અને (બી) ખાદ્ય–ચીજ તેના કબજામાં હોય ત્યારે, યોગ્ય રીતે તેણે તેને રાખી હતી અને જે સ્થિતિમાં તેણે ખરીદી હતી તે જ સ્થિતિમાં તેણે તે વેચી હતી, તો કોઈપણ ભેળસેળયુકત અથવા ખોટી છાપવાળી ખાદ્ય–ચીજને લગતો ગુનો કર્યો હોવાનું ગણાશે નહિ.

આ તબકકે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ધ સ્ટેટ ઓફ ગુજરાત વિ.અંબાલાલ કરશનદાસ પ્રજાપતિ ક્રિમીનલ અપીલ નં.૬૯૦/૨૦૦૩ તા.૨૪/૦૬/૨૦૧૪ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના મહેન્દ્રભાઈ એ. પટેલ વિ. અમરારામ પુનાજી ચૌધરી ક્રિમીનલ અપીલ નં.૨૩૬/૨૦૧૧ તા.૦૯/૦૩/૨૦૧૧ તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિ. મનિષભાઈ નારણદાસ કારીયા ૨૦૦૭ એફ.એ.જે. પેઈજ નં.–૪૨ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના**

**એસ.આર. રાવલ ફુડ ઈન્સપેકટર વિ.સ્ટેટ ઓફ ગુજરાત રેગ્યુલર ક્રિમીનલ અપીલ નં.૮૩૫/૨૦૧૧** માં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતોને માનસહ વંચાણે લ ેતા તેમજ વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના **2016 (0) AIJ-GJ 237553 Equivalent Citation(s):-2017 (2) GLR 1092 : 2017 (176) AIC 291 State Of Gujarat Versus Manojkumar Devisankar Shukla**

(10.) Having heard learned advocate for the respective partiesto the present proceedings and having perused the impugned judgment as well as records and proceedings, indisputably present respondent was running shop under the name and style of 'Chanda Dairy' when inspection was carried out. Indisputably the respondent was selling Sumel Brand toned milk preserved in the pouch received from the manufacturer and distributor i.e. original accused nos.2 and 3. Indisputably, as per the version of the complainant himself, said pouch was preserved in deep freezer and the same was found to be intact having no any sort of leakage and the same was analyzed by the public analyst and found to be adulterated. Therefore, the original respondent nos.2 and 3 who are the manufacturer and distributor came to be convicted. The learned trial court, after discussing the entire case, accepted the defense available to the present respondent in view of Sub Section 2 of Section 19 of the Act wherein it is provided that the Vendor shall not be deemed to have committed an offence pertaining to the sale of any adulterated or misbranded article of Food if he proves - (a) that he purchases the article of Food - (i) in case where a license is prescribed for the sale thereof, from a duly licensed manufacturer, distributor or dealer and (b) that the article of

food while in his possession was properly stored and that he sold it in the same state as he purchased it.

(11.) On going through the evidence on record, indisputably original respondent nos.2 and 3 are manufacturer and distributor and disputably they are licensed and the aforesaid sample of milk pouch came to be taken for the analysis was properly stored by the present respondent in deep freezer from which it was recovered and while taking as a sample, the complainant himself has noted that it was intact and it was preserved as per the standards and no leakage was found and in that view of the matter, the defense of the respondent accepted by the learned trial court is in accordance with law and does not call for any interference of this Court. સબબ, હાલના આરોપી કલમ–૧૯(૨) મુજબ ફકત વિક્રેતા હોય, જયારે ઉત્પાદક પેઢી આરોપી નં.૨ તથા ૩ હોય તેઓને કલમ–૧૯(૨) નો લાભ મળવાપાત્ર થતો હોવાનુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

આ કામે ફરીયાદમાં ફરીયાદીએ કઈ મેથડથી પરીક્ષણ કરેલુ છે તે બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. વધુમાં આંક–૩૪ ના પૃથ્થકરણના સર્ટીમાં કરવામાં આવેલ તમામ ટેસ્ટોમાં નમુનો કઈ મેથડનો ઉપયોગ કરીને તપાસવામાં આવેલ છે તે મેથડનું નામ દર્શાવેલ નથી. આ અંગે **નામ.ગુજરાત હાઈકોર્ટના વિમલ બી. ચૌહાણ વિ. કાળુભાઈ અંબાલાલ જસાણી ક્રિમીનલ અપીલ નં.૮૪૮/૨૦૧૧ તા.૧૩/૦૭/૨૦૧૧** ના ચુકાદાને માનસહ વંચાણે લેવામાં આવે તો તેમાં સી.એફ.એલ. સર્ટીમાં ફકત બુકનું નામ તેમજ પેઈઝ નંબર જણાવેલા હતા તેમાં કઈ પ્રક્રિયા ને અનુસરીને એટલે કે કઈ મેથડ અનુસરીને સર્ટીફીકેટ આપવામાં આવેલ હતુ તે બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલી ન હતી. આ બાબત અંગે વધુમાં

**નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. સફી મહોમદ રસુલભાઈ નકુમ ૨૦૧૬(૧) એફ.એસ.સી. પેઈજ નં.૩૫૮** ના ચુકાદામાં પણ ઠરાવેલ છે કે, જયારે પરીક્ષણ કઈ મેથડથી કરવામાં આવેલ હોય તે જણાવેલુ ન હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આમ, જયારે આંક–૩૪ ના જે પૃથ્થકરણ સર્ટીફીકેટના આધાર પર ફરીયાદપક્ષ આરોપી પર ગુનાનો આક્ષેપ કરે છે તે ગુના અનુસંધાને પૃથ્થકરણ સર્ટીફીકેટમાં કઈ મેથડથી પરીક્ષણ કરવામાં આવેલુ હતુ તે જણાવેલુ ન હોય ફરીયાદપક્ષના કેસ પર શંકા ઉપસ્થિત થાય છે.

આ કામે આંક–૩૪ થી સર્ટીફીકેટ રજુ થયેલ છે પરંતુ સદર સર્ટીફીકેટ અંગે તેનુ પરીક્ષણ કરનાર વ્યકિતને તપાસવામાં આવેલ નથી. આ અંગે **નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્ટેટ ઓફ ગુજરાત વિ. બાબુલાલ દેવશંકર જોષી(વેન્ડર) અને બીજાઓ ૨૦૦૭(૨) એફ.એસ.સી. ૬૭** ના પારા–૩ માં ઠરાવ્યા મુજબ જયારે પરીક્ષણ કરનાર વ્યકિતને તપાસવામાં આવેલ ન હોય ત્યારે તેના રીપોર્ટ પર આધાર રાખી શકાય નહી. વધુમાં **2018 (0) AIJ-GJ 239682** Equivalent Citation(s):-2018 (3) GCD 2111 : 2018 JX(Guj) 558 State Of **Gujarat vs Dineshchandra Laljibhai Kanabar**

7. No doubt, opinion of the expert is admissible in evidence without examining the expert; at the same time there is no bar in law to examine an expert. Therefore, cases necessitating the oral evidence of an expert must be segregated from other cases. In the cases where the expert does not come up with full and necessary relevant details as pointed out in D.S. Parmar and Santosh Kodomal and 1 (supra), It would be beneficial to examine the expert; particularly when state or other public institutions or public bodies seek to rely upon the report of an

expert for, they are not only obliged to justify the facts of the case, but are also answerable to public at large. Therefore where the dedicated efforts can bring in the necessary and relevant material in evidence, there is no reason for the state or public bodies not to make an effort in that direction. State and public authorities cannot afford to lose a case on technicalities or on avoidable lapses. The expert's written opinion deficient in material particulars can always be explained through his oral testimony. In a case where entire or substantial case rests on the opinion of the expert which may be deficient in necessary relevant particulars, it would be desirable to examine him to bring on record the full and necessary relevant facts.

**(૧૨)** વધુમાં, બનાવવાળી જગ્યા પર ત્રાહિત માણસો હોય કે અવરજવર હોય ત્યારે સ્વતંત્ર સાહેદના નિવેદન લેવા જરૂરી બને છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા **"Jaikam Khan V/s. State of Uttar Pradesh, 2021 (13) SCC 716 "** માં ઠરાવ્યા મુજબ જયારે સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા આવા કોઈ સાહેદના નિવેદન લેવામાં આવેલ ન હોય ફરીયાદપક્ષના કેસમાં શંકા જન્માવે છે.

આમ, ઉપરોકત હકીકત જોતા ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો નથી તેવું મારૂ માનવું છે. ત્યારે આરોપી વિરૂધ્ધના કેસમાં જે શંકાઓ ઉદભવેલ છે તેનો લાભ આરોપીઓને આપવો જોઈએ તેવું મારુ નમ્રપણે માનવું છે.

**(૧૩)** આમ, ફરીયાદીએ મુકેલ આરોપી સામેના ગુનાનું તહોમત નિ:શંકપણે (Beyond Reasonable Doubt) પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧ નો જવાબ '**નકાર**'માં ઠરાવી, મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ◀ હુકમ ▶

**1 ]** આ કામના આરોપીને ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૪૮(૧)

અન્વયે ખોરાક ભેળસેળ પ્રતિબંધક ધારો ૧૯૫૪ ની કલમ–૨(ix)(k) મુજબ મીસ બ્રાન્ડેડ હોઈ કલમ– ૭(૧)(૨) નો પ્રાથમીક દ્રષ્ટિએ જ ભંગ હોઈ કલમ–૧૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**2]** આજરોજ આરોપી મુદતે હાજર ન હોય, હાલનો ચુકાદો ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૫૩(૬) અન્વયે આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

આ હુકમ આજ રોજ તારીખ **સત્તર**મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૭/૦૩/૨૦૨૬**
**માંગરોળ**

**( જે. જી. પટેલ )**
અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
**માંગરોળ**
GJ 01699